# એકલો જણ શું કરી શકે?




## અબીલ ગુલાલ

**જયવંત પંડયા**

દુબઈથી તેલઅવિવ જતી ફ્લાઇટમાં ઓમાનના એક જિહાદી પાઇલોટે યહૂદીઓથી ભરેલા વિમાનને તોડી પાડવા માટે કાવતરું કર્યું અને તેનો વિરોધ એક ગુજરાતી-ભારતીય પાઇલોટ સ્મિત મચ્છરે વીરતાપૂર્વક કર્યો. અહીં સુધી તો ઠીક હતું, પરંતુ જ્યારે ઓમાનના જિહાદી પાઇલોટે છરીથી અને પછી કુહાડીથી સ્મિત પર આક્રમણ શરૂ કર્યું ત્યારે પણ સ્મિત નામનો આ દાળભાતિયો ગુજરાતી ડગ્યો નહીં. તેનો સામનો કરતાં કરતાં તેણે ભયસૂચક સંકેત કંટ્રોલ રૂમ અથવા જેને મોકલવાનો હોય તેને મોકલી દીધો. બીજી તરફ, કોકપીટનો દરવાજો પણ ખોલી દીધો. બાકીનું કામ કેટલાક વીર યાત્રીઓએ ઉપાડી લીધું. જિહાદી પાઇલોટને દબોચી લીધો અને એક-બે જણા, જેમને ટીવી શો જોઈને વિમાન સંચાલન આવડતું હતું, તેમણે વિમાનનું સુરક્ષિત ઉતરાણ કરાવ્યું.

વારંવાર આ વિગતો વાંચવા કે સાંભળવા મળી હોય તોય તેને વર્ષોવર્ષ કહેતા રહેવા જેવી અને સાંભળતા રહેવા જેવી છે. તેનું કારણ એ છે કે જ્યારે કોઈ કામ કરવાનું હોય, વિશેષત: સામાજિક અથવા તો અન્યાય સામે લડવાનું હોય, ત્યારે દરેક જણનો પ્રશ્ન હોય છે:

**હું એકલો શું કરી શકું? મને કોણ સાથ આપશે?**

સ્મિતે આવું વિચાર્યું હોત તો? સંભવ છે કે કંદહાર જતા વિમાનમાં જેમ બન્યું તેમ યાત્રીઓએ મરવાની બીકે સાથ ન આપ્યો હોત. તો સ્મિતનું રામ નામ સત્ય નક્કી હતું. પરંતુ સ્મિતે એવું ન વિચાર્યું. મરવાનો ડર છોડીને અથવા જીવનભર ખોડખાંપણવાળા રહેવાની સંભાવના છતાં તેમણે સામનો કર્યો. બે રીતે સામનો કર્યો. એક તો છરી અને લોહીલુહાણ થઈ જાય ત્યારે સુધ (ભાન) ખોઈ બેસાતી હોય છે. ત્યારે પોતાની સુરક્ષા જ દેખાય. ઘણાને તો સહેજ બોલાચાલી કરવાનું થાય ત્યારે પણ હાથપગ ધ્રૂજવા લાગે છે. બીપીના પ્રશ્ન થઈ જાય છે. વિચાર કરો, સ્મિતને મગજ પર કેટલું નિયંત્રણ હશે? તેમણે કેટલું વિચાર્યું? એ વાત સાચી કે પાઇલોટ અને ઉડાનના અન્ય સભ્યોને પ્રશિક્ષણ અપાતું હશે કે ઉડાનની અંદર અલગ-અલગ સ્વભાવના યાત્રાળુઓ હોય અને તે કોઈ ધાંધલધમાલ કરે તો તેમને કેવી રીતે નિયંત્રણમાં લેવા. અચાનક કોઈ તોફાન આવે કે વિમાનમાં કોઈ ગડબડ થાય ત્યારે પોતાની જાત પર, પોતાની લાગણીઓ પર કેવી રીતે નિયંત્રણ રાખી બને એટલો વિમાનને બચાવવા પ્રયત્ન કરવો. પરંતુ માણસની ખરી કસોટી જ્યારે સંકટ આવે ત્યારે થાય છે. પંથના ગુરુઓ કે પંથનાં પવિત્ર પુસ્તકો વાંચીને ડાહી-ડાહી વાતો કરનારા પણ જ્યારે નાનીમોટી તકલીફ આવે ત્યારે સ્વાર્થી બની જતા હોય છે. ઉપાસના સ્થળોએ દર્શન માટે ગયેલા લોકો પોતાનો વારો શીઘ્ર આવે તે માટે ધક્કામુક્કી કરતા હોય છે. એ સમયે એ લોકો ભૂલી જતા હોય છે કે પંથ કહે છે કે દરેકની અંદર ઈશ્વર રહેલો છે. તે ઈશ્વરને તેના વારા પ્રમાણે મૂર્તિમાં રહેલા ઈશ્વરના દર્શન કરતા રોકીને, પોતે ધક્કામુક્કી કરીને તેનો અધિકાર છીનવીને કેમ આગળ વધે છે? બીજું, ધક્કામુક્કી કરવા જતાં કોઈ પડી ગયું તો ભીડ તેના પર પગ મૂકી-મૂકીને આગળ વધશે.

સામાજિક પ્રશ્ન હોય કે શિક્ષણનો, ચોરનો પ્રશ્ન હોય કે ગ્રાહક તરીકે બેંક/ખાનગી ફાઇનાન્સ કંપનીમાં કે ટેલિકોમ સ્ટોરમાં ગયા હો, ત્યારે પણ આપણે મગજ પર ઠંડક રાખીને નિયંત્રણ રાખી શકીએ છીએ? આપણને બહુ ઓછા લોકો નિયંત્રિત કરી જતા હોય છે. બહારથી આવેલા મુસ્લિમ આક્રાંતાઓ, અંગ્રેજો કે અમુક નફાખોર કે ભેળસેળિયા વેપારી, ઊંચી ફી લેતા કે શાળાનું બરાબર સંચાલન ન કરતા ટ્રસ્ટીઓ અથવા કામચોર શિક્ષકો, પેટ્રોલ પંપમાં બરાબર પેટ્રોલ ન ભરતા લોકો અથવા ટાંકીની બહાર પાઇપ કાઢતી વખતે ઘણું પેટ્રોલ બહાર ઢોળતા લોકો, એલપીયુની જેમ શાળા/કોલેજમાં લડતા વિદ્યાર્થીઓ, બધાની સંખ્યા સદૈવ લઘુમતીમાં હોય છે, પરંતુ બહુમતી વર્ગ ગાયની જેમ પોતાની શક્તિ જાણી શકતો નથી.

કોઈ એક વ્યક્તિ લડે ત્યારે તેને પેલા ફ્લાયદુબઈના યાત્રીઓની જેમ સાથ આપવો એ પણ આપણું કર્તવ્ય છે. તેના બદલે પીડિત હોવા છતાં બહુમતી વર્ગ શું કરે છે? જવા દો ને. મોડું થાય છે. તમારે લડવું હોય તો તમે એક બાજુ જઈને લડો. આવું તો રહેવાનું. તમે કેટલી જગ્યાએ ઝઘડશો? આવા નિરાશાત્મક અથવા સ્વાર્થી સૂર સાંભળવા મળે છે.

એટલે જ સ્મિત મચ્છર સહિત વિમાનચાલકોને જેવું પ્રશિક્ષણ મળે છે તેવું પ્રશિક્ષણ બાળમંદિરથી લઈ છેક કોલેજ સુધી આપવાની આવશ્યકતા છે. તાજેતરમાં કેદારનાથ ગયેલી એક મહિલાનો રુદન સાથેનો 'અમને બચાવો' તેવો અનુરોધ કરતો વિડિયો આવ્યો હતો. પહેલાના સમયમાં ચાર ધામની યાત્રાએ જતા લોકોને મળવા તેમનાં સગાંવ્હાલાં જતાં. કારણ એ જ હતું કે ચાર ધામથી સકુશળ પાછા આવશે જ તેની સુનિશ્ચિતતા નહોતી. યાત્રા દુર્ગમ હતી. જનારાને પણ કોઈ ભય નહોતો અને જતા હોય તેમને વિદાય આપનારાને પણ કોઈ ચિંતા નહોતી.

યાત્રા હોય કે વિદેશ ભણવા જવું કે પછી કંદહાર અપહરણકાંડ, દર વખતે ભારતીયો કોઈ સંકટ આવે એટલે કાકલૂદી કરવા લાગે છે. રોકકળના વિડિયો બનાવવા લાગે છે. મીડિયા પણ તેમાં સાચું વલણ અપનાવવાના બદલે તેમના માટે લોકોને સહાનુભૂતિ ઉપજે અને સરકાર કંઈ કરતી નથી તેવું વાતાવરણ બને તેવું સમાચાર આવરણ કરે છે. પરિણામે કંદહાર ઘટનામાં આતંકવાદીઓને છોડી મૂકવા પડ્યા હતા.

**...અનુસંધાન પાના નં 4 પર**



## ભાજપમાં સ્મૃતિ ઇરાનીનું કદ ઘટાડી દેવાયું છે?

### ઈધર-ઉધરકી

**આરતી જેરથ**

ભાજપના વર્તુળોમાં એ વાતને લઈને આશ્ચર્ય વ્યક્ત થઈ રહ્યું છે કે નવનિયુક્ત મહાસચિવ સ્મૃતિ ઈરાનીને હરિયાણા અને છત્તીસગઢ જેવાં બે નાનાં રાજ્યોનો પ્રભાર આપીને શું તેમનું કદ ઘટાડી દેવામાં આવ્યું છે કે પછી તેમને બાજુ પર કરી દેવામાં આવ્યાં છે. એવું નથી કે આ રાજ્યો ભાજપ માટે મહત્ત્વનાં નથી, પરંતુ પક્ષનાં વ્યાપક સમીકરણોમાં ક્રમની દૃષ્ટિએ તેઓ નીચલા સ્તરે આવે છે. બંને રાજ્યો લોકસભામાં માત્ર દસ-દસ સાંસદો જ મોકલે છે. તદુપરાંત, છત્તીસગઢ વિધાનસભાની ચૂંટણી ૨૦૨૮માં, આગામી સામાન્ય ચૂંટણીઓની બરાબર પહેલાં યોજાશે, જ્યારે હરિયાણા પોતાની નવી રાજ્ય સરકારની પસંદગી ૨૦૨૯માં, આગામી લોકસભાની રચના થયા પછી જ કરશે. પક્ષના પદાધિકારી તરીકે સ્મૃતિ ઈરાનીના પુનરાગમન અંગે મીડિયામાં ખૂબ હોબાળો મચાવવામાં આવ્યો હતો. ૨૦૨૪ની સંસદીય ચૂંટણીમાં અમેઠીથી ગાંધી પરિવારના લો-પ્રોફાઇલ સહયોગી કિશોરી લાલ શર્માના હાથે પરાજય પામ્યા બાદ તેઓ રાજકીય રીતે અજ્ઞાતવાસમાં ફેંકાઈ ગયાં હતાં. ભાજપનાં વર્તુળો એવી અપેક્ષા રાખી રહ્યાં હતાં કે તેમને ઉત્તર પ્રદેશ જેવી મહત્ત્વની જવાબદારી મળશે, જ્યાંથી તેમણે બે વાર લોકસભાની ચૂંટણી લડી છે; અથવા પશ્ચિમ બંગાળનો પ્રભાર મળશે, જ્યાં તેમણે ગત વિધાનસભા ચૂંટણીમાં પોતાની ક્ષમતા સાબિત કરી હતી અને પક્ષે ભારે વિજય મેળવ્યો હતો; અથવા તો દેશની પ્રિય 'વહુ' તરીકેના તેમના ટીવી બેકગ્રાઉન્ડને ધ્યાનમાં રાખીને મહારાષ્ટ્રની જવાબદારી સોંપાશે.

એવી અટકળો પણ તેજ થઈ રહી છે કે પક્ષના રાજકારણમાં તેમના પુનરાગમનને મીડિયામાં જે રીતે ચગાવવામાં આવ્યું તે નિર્ણય લેનારા ઉચ્ચ નેતાઓને પસંદ નથી આવ્યું. શ્રેણીબદ્ધ ઇન્ટરવ્યૂ દ્વારા તેમણે પોતાની પ્રોફાઇલ ખૂબ ઊંચી બનાવી દીધી હતી.

## મોદી સરકારના અનેક વિવાદાસ્પદ નિર્ણયોમાં જ્ઞાનેશ કુમાર મહત્ત્વના ખેલાડી રહ્યા છે



મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર, જેઓ SIRને લઈને વિવાદોના વંટોળમાં ઘેરાયેલા છે, તેઓ મોદી સરકારના કેટલાક સૌથી વિવાદાસ્પદ નિર્ણયોમાં મહત્ત્વના ખેલાડી રહ્યા છે. જ્યારે સંસદમાં એક બિલ દ્વારા કલમ ૩૭૦ નાબૂદ કરવામાં આવી, ત્યારે જ્ઞાનેશ કુમાર કેન્દ્રીય ગૃહ મંત્રાલયના જમ્મુ અને કાશ્મીર વિભાગના વડા હતા. તેમણે બિલની અંતિમ રૂપરેખા તૈયાર કરી હતી અને આ રાજ્યને લદ્દાખ તથા જમ્મુ અને કાશ્મીર નામના બે કેન્દ્રશાસિત પ્રદેશોમાં વિભાજિત કરવાના નિર્ણયમાં તેઓ સામેલ હતા.

આ ઘટના વર્ષ ૨૦૧૯ની હતી. તેના પછીના વર્ષે, સરકારે અયોધ્યામાં રામમંદિરના નિર્માણની દેખરેખ માટે 'રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર' નામના ટ્રસ્ટની સ્થાપના કરી. ગૃહ મંત્રાલયમાં અતિરિક્ત સચિવ (એડિશનલ સેક્રેટરી) તરીકે જ્ઞાનેશ કુમારે કોર્ટમાં વિવાદ અને આર્બિટ્રેશનને લગતી તમામ બાબતો સંભાળી હતી. તેઓ ટ્રસ્ટની રચનામાં પણ સક્રિયપણે જોડાયેલા હતા. મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) બન્યા પહેલાં તેમનું અંતિમ પોસ્ટિંગ સહકાર મંત્રાલયમાં સચિવ તરીકેનું હતું, જેના વડા ગૃહમંત્રી અમિત શાહ હતા અને જેઓ આ મંત્રાલયની કામગીરીમાં ઊંડો રસ ધરાવતા હતા. સ્પષ્ટપણે, જ્ઞાનેશ કુમાર છેલ્લા કેટલાક વર્ષોથી અમિત શાહના અત્યંત વિશ્વાસુ વ્યક્તિ રહ્યા છે.

## રાહુલે પોતાની વ્યુહરચના બદલી હોવાનો ગણગણાટ



રાજકીય વર્તુળોમાં રાહુલ ગાંધીની એ પ્રેસ કોન્ફરન્સ પાછળના પોસ્ટર અંગે ખૂબ ચર્ચા ચાલી રહી છે, જેમાં તેમણે મતદાર યાદીઓની વિવાદાસ્પદ 'સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન' અંગે ચૂંટણી પંચમાં રહેલા મતભેદોના ખુલાસા કર્યા હતા. "લોકશાહીના વિનાશક: ષડયંત્રકારીઓ" શીર્ષક ધરાવતી તસવીરોની હરોળમાં કોર્પોરેટ દિગ્ગજ મુકેશ અંબાણીનો ફોટો જોવા મળ્યો નહોતો.

રાહુલ ગાંધી જેમના પર અવારનવાર પ્રહારો કરતા રહ્યા છે તે તમામ જાણીતા ચહેરાઓ ત્યાં હાજર હતા: વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, આરએસએસના વડા મોહન ભાગવત, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ, વડાપ્રધાનના મુખ્ય સચિવ પી. કે. મિશ્રા અને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર. આ પોસ્ટરમાં સ્થાન પામનારા એકમાત્ર ઉદ્યોગપતિ ગૌતમ અદાણી હતા. જોકે, રાહુલ ગાંધી સરકાર પર નિયંત્રણ ધરાવતા 'બે A' (અદાણી અને અંબાણી) પૈકીના એક તરીકે મુકેશ અંબાણી પર નિશાન સાધતા રહ્યા છે, છતાં આ પેનલમાં મુકેશ અંબાણીનો ફોટો નહોતો. આ બાદબાકીથી રાજકીય વર્તુળોમાં જાતજાતની ચર્ચાઓ શરૂ થઈ છે કે શું આ રાહુલ ગાંધીની વ્યૂહરચનામાં ફેરફારનો સંકેત આપે છે? અથવા શું બંને વચ્ચે કોઈ શાંતિ સમજૂતી થઈ ગઈ છે? રસપ્રદ વાત એ છે કે, 'ગોદી મીડિયા' તરીકે ઓળખાતી ચેનલો સહિત તમામ ટેલિવિઝન ચેનલોએ આખી પ્રેસ કોન્ફરન્સનું લાઇવ પ્રસારણ કર્યું હતું. આવું પહેલી વાર બન્યું હતું. રાહુલ ગાંધીને ટેલિવિઝન પર સામાન્ય રીતે આ પ્રકારનું કવરેજ ક્યારેય મળતું નથી.

# આયેશાને ચોક્કસ ન્યાય અપાવીશ, નહિતર પોલીસની નોકરી છોડી દઈશ

## ક્રાઈમ કોડ

**પ્રફુલ શાહ**

### અતા-પતા-લાપતા -23

જિંદગીનો સૌથી અઘરો કોર્સ એટલે ખુદનો સ્વભાવ સુધારવો. કદાચ આ સમજ કે એની સ્વીકૃતિ સેબાસ્ટીયન ગોન્સાલવિસ ઉર્ફે સબામાં નહોતી. એના શર્ટના ગજવામાં મૂકેલા આયેશાના ફોટાનો નાકની ઉપરનો ભાગ બહાર દેખાતો હતો, જાણે તેની આંખો બધું જોઈ રહી હોય. આહવા સ્થિત પોલીસ મુખ્યાલયના કમ્પાઉન્ડમાં તેણે બેકપેક ખોલીને એક બોટલ અને માચીસ બહાર કાઢ્યાં. આ સાથે પાંચ જણ ધસી આવ્યા. સબાના દોસ્ત અને બાંધકામ કોન્ટ્રાક્ટર રાજુએ બૂમાબૂમ મચાવી દીધી. ઓચિંતી ચીસાચીસ સાંભળીને અંદરથી બધા પત્રકારો અને ખુદ પોલીસ સુપ્રિટેન્ડન્ટ સુરેન્દ્ર પુષ્કર્ણા બહાર ધસી આવ્યા.આ સાથે બોટલ ખોલીને સેબાસ્ટીયન પોતાના માથા પર બોટલ ખાલી કરવા માંડ્યો. પાંચમાંથી એક ચીખ્યો, 'કેરોસીન છે, કેરોસીન...'

પત્રકારો સાથેના ફોટોગ્રાફર અને કેમેરામેન એકદમ હરકતમાં આવી ગયા. પુષ્કર્ણા ઝડપભેર દોડ્યા. એ સાથે ખાલી બોટલ ફગાવીને સેબાસ્ટીયન માચીસ પેટાવવાના પ્રયાસ કરવા માંડ્યો. તેણે બરાડા પાડવાનું શરૂ કરી દીધું. 'આયેશા, તું ક્યાં છો? હું તારા વગર નહિ રહી શકું... મારે...'

એ જ સમયે પુષ્કર્ણાએ કૂદીને સેબાસ્ટીયનને પકડવાનો પ્રયાસ કર્યો. એ જોશભેર ચીખવા લાગ્યો, 'છોડો મને... નથી જીવવું મારે...' પુષ્કર્ણાની પકડમાંથી છટકવા તે જોર કરવા માંડ્યો. એમાં માચીસ નીચે પડી ગઈ. એ નીચો નમ્યો એ સાથે પુષ્કર્ણાએ કમરથી પકડીને એને સીધો કરીને બે તમાચા ચોડી દીધા. એ લથડીને નીચે બેસી પડ્યો. સુરેન્દ્ર પુષ્કર્ણાના પગ પકડીને એ કરગરવા લાગ્યો, 'આયેશા... મારી આયેશા... પ્લીઝ એને પાછી લાવી આપ સાહેબ...'

પુષ્કર્ણાએ એને ઊભો કર્યો અને પત્રકારો અને ફોટોગ્રાફર સામે જોયું. 'આ સૌને સાક્ષી રાખીને ખુલેઆમ વચન આપું છું કે પોલીસ આયેશાને શોધીને જ જંપશે. આયેશાને ચોક્કસ ન્યાય અપાવીશ, નહિતર હું પોલીસ વડાની નોકરી છોડી દઈશ.'

માહોલમાં એકદમ સોપો પડી ગયો. વિનોદ રિપોર્ટરે ડપકું મૂક્યું, 'સર, કેટલા ટાઈમમાં કેસ સોલ્વ થશે?'

'તમે જ બતાવો... એક મહિનો, બે મહિના કે...'

'એક... એક મહિનો, સર.' પુષ્કર્ણાએ સેબાસ્ટીયન ગોન્સાલવિસ ઉર્ફે સબાના શર્ટના ગજવામાં મૂકેલો આયેશાનો ફોટો ખેંચી કાઢ્યો. ફોટો સાથે હાથ ઊંચો કરીને બુલંદ અવાજે ઘોષણા કરી, 'આ બહેનનો કેસ એક મહિનામાં ઉકેલાઈ જશે જ... નહિતર હું રાજીનામું આપી દઈશ.'

---

કલાકમાં તો આયેશા લાપતા થવાના કેસ પ્રત્યે પોલીસની બેદરકારી, એક ઈન્સ્પેક્ટર દ્વારા પોલીસ વડાનો ફોન રિસીવ ન કરવા, લાપતા મહિલાના પીડિત પતિ સેબાસ્ટીયન ગોન્સાલવિસ ઉર્ફે સબાના અગ્નિ-સ્નાનના પ્રયાસ અને એક મહિનામાં આ મિસિંગ કેસ સોલ્વ કરવાનું પોલીસ સુપ્રિટેન્ડન્ટ સુરેન્દ્ર પુષ્કર્ણાનું પ્રોમિસ અને એમ ન થાય તો હોદ્દો છોડી દેવાની પ્રતિજ્ઞા... એક પછી એક બ્રેકિંગ ન્યૂઝ આવવા માંડ્યા. જિલ્લા સ્તરેથી આગળ વધીને આ ઘટના ઝડપભેર રાષ્ટ્રીય સ્તરે પણ ગાજવા માંડી. દેશભરના મીડિયામાં સનસનાટી મચી ગઈ.

ચિંચલી પોલીસ સ્ટેશનમાં આ સમાચાર જોતી વખતે આસિસ્ટન્ટ સબ-ઈન્સ્પેક્ટર કાવ્યા રાણા સહેજ ગભરાઈ ગઈ. તે પોતાના ડ્રોઅરના ખાનામાં ખાખાંખોળા કરવા લાગી. ડ્રોઅરમાં કંઈક દેખાતા ચહેરા પર હાશકારાના ભાવ આવી ગયા. અચાનક તેણે પોતાના ફેવરિટ હવાલદારને હસીને

**સેબાસ્ટીયન ગોન્સાલવિસે આપેલો લાપતા પત્ની આયેશાનો ફોટો લઈને તે સ્ટેશનના ઈન્ચાર્જ ઈન્સ્પેક્ટર નિરવ ત્રિવેદીની કેબિનમાં ગઈ અને ટેબલના ખૂણામાં પડેલા પેપર્સ નીચે એ ફોટો મૂકી દીધો, કહો કે સંતાડી દીધો**




પાસે બોલાવ્યો. 'આપણા બે માટે ચા અને ભજિયાં લઈ આવશો તમે?'

હવાલદાર સ્વગત બબડ્યો, 'હજી અડધો કલાક પહેલાં તો કોફી અને બટેટા વડા ઝાપટ્યા ને હવે...' પણ કંઈ બોલ્યા વગર એ 'જી મેડમ' કહીને ચાલતો થયો. ત્યાં કાવ્યા રાણાની સૂચના કાને પડી, 'સામે ઊભા રહીને ભજિયાંનો ગરમાગરમ ઘાણ ઉતરાવજો.'

હવાલદાર નજરથી ઓઝલ થયો એટલે સડાક કરતી કાવ્યા ઊભી થઈ. સેબાસ્ટીયન ગોન્સાલવિસે આપેલો લાપતા પત્ની આયેશાનો ફોટો લઈને તે સ્ટેશનના ઈન્ચાર્જ ઈન્સ્પેક્ટર નિરવ ત્રિવેદીની કેબિનમાં ગઈ અને ટેબલના ખૂણામાં પડેલા પેપર્સ નીચે એ ફોટો મૂકી દીધો, કહો કે સંતાડી દીધો. આટલું પતાવીને તે ઝડપભેર કેબિનની બહાર આવી ત્યાં જ સામેથી આવતા ઈન્સ્પેક્ટર નિરવ ત્રિવેદીને જોયા. કાવ્યાના મોતિયા મરી ગયા. તે માંડમાંડ બોલી શકી, 'સર, અંદરથી કંઈક અવાજ જેવું સંભળાયું એટલે...' પણ પોતાના વિચારોમાં ખોવાયેલા નિરવ ત્રિવેદીએ ઝાઝું ધ્યાન આપવાને બદલે સહેજ માથું હલાવ્યું.

---

પોલીસ સુપ્રિટેન્ડન્ટ સુરેન્દ્ર પુષ્કર્ણા બ્રેકિંગ ન્યૂઝને માણતાં-માણતાં હસીને કોફીની ચુસ્કી લેતા હતા. દરવાજા પર ટકોરો મારીને ઈન્સ્પેક્ટર નિરવ ત્રિવેદી અંદર આવ્યા. 'જય હિન્દ' સાથે સેલ્યુટ કરીને ઊભા રહ્યા. પુષ્કર્ણાએ હસીને સામે બેસવાનો ઈશારો કર્યો. નીચેથી ફ્લાસ્ક ઊંચકીને પુષ્કર્ણાએ કૉફીનો કપ ધીમેથી નિરવ તરફ ખસેડ્યો.

'થેન્ક યુ સર, આઈ બેડલી નીડ ઈટ.'

'હું ચહેરો જોઈને સમજી ગયો...'

'સર, સૉરી. આપનો ફોન ન ઉપાડી શક્યો કારણ કે...'

'પહેલા કૉફી...'

'થેન્ક યુ. આટઆટલું બની ગયું છતાં આપ કંઈ જ ન બન્યું હોય એમ સ્વસ્થ કેવી રીતે રહી શકો છો?' 'બે કારણસર. મારા ગુસ્સે થવાથી જે થયું એ કંઈ રિવર્સ થવાનું નથી. નાહકની મારી તબિયતને ઈમેજ બેય બગડે. બીજું એ કે મને માણસની ઓળખ છે. બહુ ઓછો ખોટો પડ્યો છું.'

'સર, મારાથી કોઈ ભૂલ ન જ થાય એવી ખાતરી છે તમને?''ભૂલ થાય બધાથી. પણ બદઈરાદાથી મારા ઑફિસર નિરવ ત્રિવેદી ભૂલ ન કરે. લાગી શરત?'

નિરવ ગળગળા થઈ ગયા. કપ નીચે મૂકીને ચુપચાપ પુષ્કર્ણાને જોતા રહ્યા. 'સર, અનિવાર્ય સંજોગોને લીધે આપનો ફોન ન ઉપાડી શક્યો. એક્ચ્યુઅલી હું...'

'એ હમણાં રહેવા દો. તમે આવું અકારણ ન જ કરો. એક વાત પૂછું?'

'જી સર, પ્લીઝ.' 'આ લાપતા આયેશા અને તેના સેબાસ્ટીયન ગોન્સાલવિસ વિશે શું કહીશ?'

'સર, આજે આ ધમાલ અને વિવાદને લીધે બન્નેના નામ પહેલીવાર કાને પડ્યા.'

'નિરવ, ક્યાંક ગરબડ છે. એના મૂળ સુધી પહોંચવું પડશે તમારે. જાઓ, હવે આરામ કરો. કાલે ફ્રેશ માઈન્ડ સાથે કામે લાગજો. હા, તમારા પર ગળા સુધી વિશ્વાસ હતો, પણ તમારે મોઢે સાંભળવું હતું મારે.' 'ઓકે સર. વેરી સૉરી ઍન્ડ બિગ થેન્ક યુ,' કહીને નિરવ ત્રિવેદી ચાલવા લાગ્યા. પાછળથી પુષ્કર્ણાનો અવાજ આવ્યો, 'યંગમેન, કદાચ સાથે કામ કરવાનો આપણો આ છેલ્લો એક મહિનો હોય...' પીઠ ફેરવ્યા વગર નિરવે જવાબ આપ્યો, 'નો, નેવર.' પુષ્કર્ણાને સમજાઈ ગયું કે આ શબ્દો દાંત ભીંસીને ઉચ્ચારાયા હતા. પરંતુ નિરવના ચહેરા પરની સખ્તાઈ ભલભલાને ડરાવી મૂકે એવી હતી.

---

'તમ રાજુ કોન્ટ્રાક્ટરને નય ઓળખતા?'

મધ્યમ બાંધો, સૂર્યના તાપથી કાળાશ પડેલો ચહેરો, જાડી મૂછો, કપાળ પર કાયમી કરચલીઓ અને આંખોમાં એવી તીક્ષ્ણતા કે સામેનો માણસ બે વાર વિચારીને વાત કરે. માથા પર કાયમ રહેતી ધૂળને ખંખેરતા, અડધી બાંયનું શર્ટ અને નીચેના ઢીલા પેન્ટનો પટ્ટો બરાબર કરતાં રાજુ બોલ્યો, 'આખું ગામ વરસોથી જાણે કે મારી પાહે કામ કરાવવું હોય તો મારો ભાવ આપવો પડે, સ્વભાવ હાચવવો પડે હો.'

સામેથી જવાબ સાંભળીને રાજુ ઉશ્કેરાયો, 'હું જે ઝડપથી બાંધી દઉં એ ઘડીના છઠ્ઠા ભાગમાં તોડી ય શકું... પછી એ દિવાલ હોય કે આબરૂ... કાલ બાર વાગ્યે પૈસા ન મળે તો બાર વાગી જતા વાર નય લાગે હો.'

(ક્રમશ:)

## સટ્ટાક

**કમલ**

